## આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

તા. ૦૮/૦૩/૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત વિમેન્સ ડેવલોપમેન્ટ સેલ અને ગુજરાત વિદ્યાપીઠ તથા અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદ અને લેખિકા સંમેલન : 'જૂઈ મેળા'નું આયોજન ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી અંતર્ગત WDCની કુલ ૩૯ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. WDC અંતગર્ત સમયાંતરે ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સ્ત્રીઓનું શિક્ષણ, જાગૃતિ, સ્વાસ્થ્ય, સશક્તિકરણ, વગેરે બાબતોને ધ્યાનમાં રાખી WDCના અધ્યક્ષશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં આ સમગ્ર કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ થાય છે.




## પીએચ.ડી. ઓપન ડિફેન્સ વાઈવા

૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષ દરમિયાન સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયના પીએચ.ડી. અભ્યાસક્રમમાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હતો.આમાંથી જાન્યુઆરી થી એપ્રિલ, ૨૦૧૮ સુધીમાં કુલ ૦૪ વિદ્યાર્થીઓએ તેમનું સંશોધન શોધકાર્ય પૂર્ણ કર્યું હતું અને બાકીના વિદ્યાર્થીઓના પ્રિ-સબમીશન વાઈવાનું આયોજન કરેલ હતું. તેમનું શોધકાર્ય પૂર્ણ થવાના આરે છે. શોધકાર્ય પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને નોટીફીકેશન અને ડિગ્રી આપવામાં આવી.





## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા
## વિશ્વ યોગ દિવસની ઊજવણી

કોવિડ-૧૯ના લીધે સરકારના પરિપત્રનું પાલન એટલે ઘરમાં રહો, સુરક્ષિત રહો અને માસ્ક પહેરીને બહાર નીકળો, સાવચેતી એ જ આ મહામારીના સંક્રમણથી બચવાનો એક ઉપાય છે અને બીજો અસરકારક ઈલાજ એટલે યોગ. ભારત સરકારના આયુષ્ય મંત્રાલય દ્વારા છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૧ જૂને Yoga At Home ની થી આચરણમાં મૂકવાની હતી. આ આનંદમય દિવસ ઉત્સાહથી ઉજવાયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રીના યોગ તરફના અનુરાગથી સૌ વાકેફ હોવાથી બધા કર્મચારીઓએ Yoga At Home થીમના અમલીકરણમાં ઉત્સાહ દાખવી 'મારું મનપસંદ આસન' અંતર્ગત પરિવાર સાથે યોગ કરી તેનો બે મિનિટનો વિડીયો બનાવી યુનિવર્સિટીના ફેસબુક પેજ @BAOUGujarat પર ટેગ કરવામાં આવ્યા હતા. યોગ દિવસ નિમિત્તે યુનિવર્સિટીએ યોગના માર્ગદર્શન માટે આર્યુવેદાચાર્ય અને યોગાચાર્ય ડૉ. વિક્રમભાઇ ઉપાધ્યાયને આમંત્રિત કર્યા, તેમણે વરર્યુઅલ યોગાસન કરી BAOUના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ઉચિત રાહ ચીંધ્યો હતો.

આ પ્રસંગે ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રીએ વરર્યુઅલ મેસેજ દ્વારા યોગનો મહિમા કરતા કહ્યું હતું કે: 'યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. યોગ દ્વારા ભારત આજના કોરાના મહામારીના સમયમાં વિશ્વને માનસિક અને શારિરીક રીતે નિરોગી રહેવાની રીત શીખવી રહ્યું છે. ભારત સમગ્ર વિશ્વના સ્વાસ્થ્ય માટે યોગની પદ્ધતિ આપી છે. પ્રાચીન સમયથી યજ્ઞાર્થે ભારત વિશ્વને કુટુંબ સમજી તેનો સ્વીકાર કરે છે. આપણી સંસ્કૃતિએ કુદરતી ચિકિત્સા દ્વારા રોગને આપણા સુધી આવતા અટકાવવા વિશ્વને અનેક માર્ગ આપ્યા છે. યોગ, પ્રાણાયામ આપણા તન-મનને શાતા આપે છે. યોગ દ્વારા દરેક માણસ સાક્ષીભાવ કેળવી શકે છે. સાદું, સુઘડ અને ઊર્જાવાળી જીવનશૈલી આત્મસાત કરી જીવી શકે છે. યોગને જીવનનો ભાગ બનાવવાથી જીવનમાં આનંદનો પાર્દુભાવ થાય છે'.

યોગ એટલે આરોગ્યની ચાવી, પ્રાણાયામ એટલે ભીતરના તેજ તરફ ગતિ. અશાંત જીવનમાં શાંતિનો જન્મ યોગાભ્યાસ નિયમિત કરવાથી થાય છે. જિંદગી તરફનો ઉત્સાહ આપવાની જડીબુટ્ટી યોગ આપે છે. સમગ્ર બી.એ.ઓ.યુ. પરિવાર યોગ તરફ વળી નિરામય જીવનની મંગલ પ્રાર્થના કરે છે.



# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણી સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક સાથે કરવામાં આવી, વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે. તેના નિવારણ માટે આજના માણસે વૃક્ષોનું રોપણ કરવું પડશે. એનું સંવર્ધન કરી ભવિષ્યની પેઢી માટે પૃથ્વી ઉપર નિરામય પરિવેશનું નિર્માણ માનવ સમાજે સર્જવું જ રહ્યું. વૃક્ષો એ તો જગતને શુદ્ધ પ્રાણવાયુ આપે છે. તરૂએની ઊર્જાથી શાંતિ અને શીતળતા પ્રદાન કરે છે. વરસાદને ધરતી પર લઈ આવવા માટે તે આમંત્રણ આપે છે. એવા વૃક્ષોની સંખ્યા અગણિત થતી રહે એવા પ્રયાસો કરવાના દિવસો આવી ગયા છે.

પ્રખ્યાત અભિનેતા આર્જવ ત્રિવેદી અને ગ્રીન ડ્રીમ દ્વારા ૫ જૂન ૫૦૦૦ વૃક્ષારોપણના સંકલ્પમાં જોડાવા માટેનો પત્ર યુનિવર્સિટીને પાઠવેલ, જે યુનિવર્સિટીએ ઉત્સાહભેર વધાવી લઈ આ સંકલ્પને પૂરો કરવા યુનિવર્સિટીએ વિવિધ અભ્યાસકેન્દ્રો અને વિદ્યાર્થીઓ સુધી પોતાના ઘરના પરિસર કે આંગણમાં વૃક્ષારોપણ કરવાની પહેલ કરી.

આ ઉપક્રમે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય, નિયામકશ્રી (SS) ડૉ. આવાબહેન શુક્લા, અભિનેતા આર્જવ ત્રિવેદી અને ગ્રીન ડ્રીમ્સની ટીમ, નિયામકશ્રીઓ, અધ્યાપકગણ અને પરિવારજનો સાથે યુનિવર્સિટી કેમ્પસમાં વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. ઉપરોક્ત કાર્યક્રમનું સફળ આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને ડૉ. આવાબહેન શુક્લાના માર્ગદર્શન હેઠળ Extension Activity દ્વારા કરવામાં આવ્યું.























## યોગ શિબિર

સમગ્ર વિશ્વમાં 21 જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના



“જ્યોતિર્મય” પરિસરમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના અધ્યક્ષ સ્થાને 21 જૂન, 2016ના રોજ વિશ્વ યોગની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, નિયામકશ્રી (Academic)



ડૉ. રવિ ગોર, નિયામકશ્રી (SHSS) કુલસચિવશ્રી પ્રા. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામક (SS) ડૉ. આવા શુકલા, યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના નિયામકશ્રીઓ, શૈક્ષણિક અધિકારીશ્રીઓ અને અધિકારી/કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતાં.



યુનિવર્સિટીના કેન્દ્ર કોડ ઓમ ક્લિનિકના કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાય અને તેમની ટીમ હાજર રહી યોગ અંગે માર્ગદર્શન આપી યોગ કરવામાં સહાયતા પૂરી પાડી હતી.



આ કાર્યક્રમ સારી રીતે થાય તે માટે 18 અને 20 જૂન ,2016ના રોજ સાંજે 4:00 થી 6:00 દરમ્યાન યોગ પ્રશિક્ષકો દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ આનંદ અને ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પ્રથમ ચિંતન શિબિર

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સમયાંતરે આત્મમંથનની આવશ્યકતા હોય છે. માનનીય કુલપતિશ્રી દ્વારા આજ હેતુથી યુનિવર્સિટીના વિવિધ સ્તરે ચિંતન શિબિરના આયોજનની પ્રેરણા પૂરી પાડી. જેના પરિણામે તા. ૨૪ જૂન, ૨૦૧૬ ના રોજ યુનિવર્સિટીના સત્તામંડળો આ પ્રકારની પ્રથમ ચિંતન શિબિરનું આયોજન થયું.




આ ચિંતન શિબિરમાં યુનિવર્સિટીના આમંત્રણને માન આપી કવિશ્રી નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ પાઠક વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. શિબિરમાં યુનિવર્સિટી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો તથા એકેડેમિક પ્લાનિંગ બોર્ડનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.



ચિંતન શિબિરમાં યુનિવર્સિટીના કા.કુલસચિવશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કર્યું હતું તથા માનનીય કુલપતિશ્રીએ યુનિવર્સિટીનાં તમામ વિભાગો અને કાર્યવિધિનો પરિચય આપ્યો હતો. તેઓએ યુનિવર્સિટી દ્વારા અલગ કાર્યવિધિ તથા તેમાં કરેલાં સુધારા વધારા અને ભાવિ યોજનાઓ અંગે સહુ ઉપસ્થિત સભ્યોને અવગત કર્યાં હતાં.



શિબિરના મધ્યકાળે સહુએ સાથે ભોજન લીધું હતું તથા અંતિમ સત્રમાં મુક્ત ચર્ચા અને વિચારોના આદાન-પ્રદાન સાથે શિબિર સંપન્ન થઈ હતી. યુનિવર્સિટીમાં પ્રથમ બાબત યોજાયેલ આવી ચિંતન શિબિરનાં પ્રયોજન બદલ સહુએ માનનીય કુલપતિશ્રીનો સભર આભાર માન્યો હતો અને આવા કાર્યક્રમો વારંવાર યોજાય તેવી અપેક્ષા સેવી હતી. (શિબિરમાં યુનિવર્સિટીનાં તમામ વિભાગનાં અધ્યક્ષશ્રીઓએ પોતપોતાનાં વિભાગ અંગેની માહિતીના પ્રસ્તુતિકરણમાં યથાયોગ્ય ફાળો આપ્યો હતો તથા ચર્ચામાં મળેલાં સૂચનો નોંધ્યા હતાં.)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના અધ્યક્ષ સ્થાને તા. 24/11/2016ના રોજ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, નિયામકશ્રી (Academic), જુદી જુદી સ્કૂલના નિયામકશ્રી, યુનિવર્સિટીના જુદાં જુદાં રીજનના હેડ અને કો-ઓર્ડિનેટરશ્રીઓ હાજર રહયાં હતાં.



કાર્યક્રમની શરૂઆત ડૉ. મૌનસભાઈ ઠાકર દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. ચિંતન શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુનિવર્સિટીના જુદાં જુદાં વિભાગોની કાર્યપ્રણાલીથી વાકેફ થવાનો તથા તેમના ભવિષ્યના આયોજન અંગેની ચર્ચા કરવાનો, શૈક્ષણિક અધિકારીશ્રીઓ દ્વારા જુદાં જુદાં અભ્યાસક્રમ અંતર્ગત અભ્યાસ-સામગ્રીના વિકાસ અંગેની કાર્યવાહીના આયોજન અંગે ચર્ચા કરવાનો હતો. ડૉ. હિરેન જોશી કાર્યકારી પરીક્ષા નિયામકશ્રી/ નિયામકશ્રી સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સે પરીક્ષાલક્ષી માહિતી પૂરી પાડી. ડૉ. મનોજ શાહ અને ડૉ. યોગેન્દ્ર પારેખે વિષય સંબંધિત એકેડેમિક વિગતો પૂરી પાડી હતી.



ત્યારબાદ ડૉ.મીનાબેન રાજપૂતે બી.એડ્. વિભાગની માહિતી પૂરી પાડી તથા ડૉ. ચેતના શાહે લાઈબ્રેરી વિભાગ અને લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ અભ્યાસક્રમ અંતર્ગત માહિતી પૂરી પાડી. શ્રી સંજયભાઈ પટેલે વિષય સંબંધિત એકેડેમિક સંબોધન પૂરું પાડયું.



ડૉ. હિમાંશુ પટેલે સ્ટુડિયોની કાર્યપ્રણાલી વિશે વિગતો આપી અને ડૉ. હિરેન જોશી તથા ડૉ. હિમાંશુ પટેલ દ્વારા Innovative Skills વિશે માહિતી આપવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થી સહાયના નિયામકશ્રી ડૉ. આવાબેન શુકલ દ્વારા વિદ્યાર્થી સહાય સેવાઓ વિશે માહિતી આપવામાં આવી. ડૉ.ધવલભાઈ પંડયા દ્વારા પ્રવેશ વિભાગની, ડૉ. ભાનુભાઈ પટેલ દ્વારા અભ્યાસકેન્દ્ર સંચાલન, ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા મટીરિયલ વિભાગ,



વોકેશનલ એન્ડ પ્રોફેશનલ વિભાગ દ્વારા વિભાગીય કાર્યપ્રણાલી જણાવવામાં આવી. ડૉ. મયંકભાઈ સોનીએ સ્પે.બી.એડ્. /પીએચ.ડી. વિભાગની માહિતી આપી. ડૉ. મૌનસભાઈ ઠાકર દ્વારા CCC અભ્યાસક્રમ અંતર્ગત માહિતી આપવામાં આવી. કાર્યાલય પ્રબંધક શ્રી સતીષભાઈ રામાણીએ વહીવટી વિભાગની માહિતીથી અવગત કરાવ્યા. આ ઉપરાંત શ્રી સંજયભાઈ પટેલે શિષ્યવૃતિ (SC/ST) વિભાગ અને સિવિલ સુપરવાઈઝર શ્રી દિપેશભાઈ જાની દ્વારા એસ્ટેટ વિભાગને લગતી માહિતી આપવામાં આવી. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, ડૉ. રવિ ગોર નિયામકશ્રી (Academic), કાર્યકારી કુલસચિવશ્રી/નિયામક (SHSS) ડૉ. અમી ઉપાધ્યાય અને નિયામકશ્રી (SS) ડૉ. આવાબેન શુકલ દ્વારા તમામ કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું અને યુનિવર્સિટીના ભવિષ્યના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી.

## કિંગ ખાલિદ યુનિવર્સિટીના પ્રતિનિધિ દ્વારા BAOUની મુલાકાત

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની કિંગ ખાલિદ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા તા.૧૧, જુલાઈ ૨૦૧૬ના રોજ રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. જેમાં બન્ને યુનિવર્સિટી વચ્ચે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ અને અંગ્રેજી જેવા વિષયોમાં શૈક્ષણિક ભાગીદારી માટે હાથ મિલાવવા માટે તથા બે



યુનિવર્સિટી વચ્ચેનો પરસ્પરના હિતમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહકાર આપવા માટે ચર્ચા કરવામાં આવી હતી.



આ બેઠકમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ જાની, કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામક (એકેડેમિક) ડૉ. રવિ ગોર, નિયામકશ્રી (SS) ડૉ. આવા શુકલા, સ્કૂલ ઓફ કમ્પ્યુટર સાયન્સના નિયામકશ્રી ડૉ. હિરેન જોષી અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હિમાંશુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



બન્ને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા પરસ્પર સહયોગથી બંને યુનિવર્સિટીને તથા મોટાપાયે વિદ્યાર્થીઓ અને લોકોને ફાયદો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## વૃક્ષારોપણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું નૂતન પરિસર હરિયાળું બને તેવાં સામૂહિક પ્રયાસો જવાબદારીના ભાગરૂપે



કર્મચારી પરિવાર તરફથી થાય તેવાં ઉમદા હેતુથી માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના માર્ગદર્શન મુજબ સમગ્ર પરિસરમાં વૃક્ષારોપણનું આયોજન થયું. વિશાળ પરિસરમાં દરેક વિભાગને સંલગ્ન ખાલી જગ્યાઓ પર છોડ રોપી શકાય તેવી



સંભાવનાને ધ્યાનમાં લઈ આયોજનપૂર્વક વૃક્ષારોપણ કરવામાં આવ્યું. દરેક વિભાગના અધ્યક્ષશ્રીઓને આ રોપેલા છોડના ઉછેરની કાળજી લેવા માટે માનનીય કુલપતિશ્રીએ ખાસ સૂચનો કર્યા. આવશ્યક સેવા શ્રમ કાર્યથી સૌને ધન્યતાનો અનુભવ થયો.

જેમાં ડૉ. આવા શુક્લા , ડૉ. મૌનસ ઠાકર, ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. રવિ ગોર, ગીતાબેન પરીખ, સેજલ પટેલ, દિવ્યાબેન, મેઘનાબેન, શ્રુતિબેન, સંજયભાઈ પટેલ તથા પ્રમોદભાઈ પાટીલ, મનીષ રાવલ બધાએ સુંદર ગીતોની તથા સમૂહગાનની રજૂઆત કરી હતી અને આખા વાતાવરણને કુરબાની યાદ કરતા હોય તેવો કરી દીધો હતો.

## હિન્દી પખવાડા સમારોહ

તા.૧૪-૦૯-૨૦૧૬ થી તા.૨૯-૦૯-૨૦૧૬ દરમ્યાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'હિન્દી પખવાડા' સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું.



જેમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની , કા.કુલસચિવશ્રી ડૉ. અમી ઉપાધ્યાય તથા નિયામક એકેડેમિક શ્રી રવિ ગોર, ડૉ. આવા શુક્લ (નિયામક SS) તથા નિયામકશ્રીઓ અને તમામ સ્ટાફ હાજર રહેલ હતો. જેમાં હિન્દી ભાષાનું મહત્વ તથા હિન્દી ભાષાના ઉદ્દભવ , વ્યાપ વિશે અને હિન્દીની રાષ્ટ્રભાષાના દરજ્જા અંગે સહુએ રજૂઆત કરી હતી.



જે પૈકી ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. મૌનસ ઠાકર, શ્રી અનિલ રાઠોડ, શ્રી મેરૂજી , ડૉ. આવા શુક્લ, ડૉ. રવિ ગોર અને ડૉ. અમીબેન ઉપાધ્યાયએ હિંદી ભાષામાં વૈવિધ્યપૂર્ણ રજૂઆત કરી હતી. માનનીય કુલપતિશ્રીએ હિંદી ભાષાના મહત્વ અને તેનાં ગૌરવ અંગે પ્રગલ્ભ હિંદીમાં માનનીય ઉદ્દબોધન આપ્યું હતું



કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન ડૉ. કુસુમ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સર્ટિફિકેટ કોર્ષ – ગ્રામ વિકાસ સહાયક (GVS)

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ સાથે સંકળાયેલા પંચસ્તંભ યોજનાના ગ્રામવિકાસ સહાયક કર્મચારીઓમાં કાર્યકુશળતા વિકસાવવા અને સરકારશ્રી દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.



યોજનાઓને વધુમાં વધુ સારી રીતે લોકો સુધી પહોંચાડવા માટે સરકારશ્રી ગ્રામ વિકાસ વિભાગના કર્મચારીઓ માટેના સર્ટિફિકેટ કોર્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તૈયાર કરી



અમલી કરવા માટે તારીખ ૧૬ સપ્ટેમ્બર ,૨૦૧૬ ના રોજ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની , માનનીય નિયામકશ્રી (ડૉ. રવિ ગોર) તથા કાર્યકારી કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા ગ્રામવિકાસના (RD & SIRD)



ઓફિસરો સામે મિટીંગો યોજવામાં આવી તથા પ્રા.સંજય પટેલ –વ્યાખ્યાતા સમાજશાસ્ત્ર તથા તજજ્ઞશ્રી ડૉ. રવીન્દ્ર પંચોલી,સુશ્રી નીલાબેન પટેલ (ફેકલ્ટી ઓફ સોશિયલ સાયન્સ-સ્પીપા), અનીલ એસ. પટેલ (પ્રકોર ફેકલ્ટી મનરેગા), મેઘના પરીખ (આસી. કમિશનર), દીપ્તિ પરમાર (કોર ફેકલ્ટી), સંકેત જે. જોશી (નાયબ જીલ્લા કો-ઓર્ડીનેટર ,પાટણ) તથા સંદીપ પવન (GLPC અધિકારી)શ્રીઓ સાથે તારીખ ૦૯-૦૯-૨૦૧૬ ના રોજ ગ્રામવિકાસ સહાયક કોર્ષ માટે મિટિંગ યોજવામાં આવી.

## સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ

તા.25મી સપ્ટેમ્બર, પ્રખર રાષ્ટ્રસેવક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો જન્મદિવસ તથા બીજી ઓકટોબર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જન્મદિવસ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે 'સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ'ની ઉજવણીનું આયોજન માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શનમાં થયું.



તા.25મી સપ્ટેમ્બરે ગૌતમ સભાગૃહમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન–કાર્ય તથા તત્ત્વચિંતન વિશે જાણીતા વિદ્વાન ડૉ. ગિરીશભાઈ ઠાકરે ઉદ્‌બોધન કર્યું હતું.

પંડિતજીના 'એકાત્મમાનવ દર્શન' સંદર્ભે માનનીય પ્રવચનની સમાંતરેપંડિતજીના જીવનકાર્યનાં પ્રેરક ઉદાહરણો દ્વારા વકતાશ્રીએ શ્રોતાઓને લાભાન્વિત કર્યા હતા. રાજયનીતિશાસ્ત્રના જાણીતા પ્રોફેસર શ્રી હર્ષદભાઈ યાજ્ઞિકજીએ સ્વચ્છતા તથા સમરસતાકેન્દ્રી વક્તવ્યમાં મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાળજી વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. પ્રાધ્યાપક સંજયભાઈ પટેલએ ડૉ. ગિરીશભાઈ ઠાકરનો તથા ડૉ. હેતલ ગાંધીએ પ્રો. હર્ષદભાઈ યાજ્ઞિકજી નો પરિચય કરાવ્યો હતો.



કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા ડૉ. યોગેન્દ્ર પારેખે રજૂ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન ડૉ.કૃતિબેન છાયાએ અને આભારદર્શન ફાઈનાન્સ ઓફિસર શ્રી શ્રુતિબેન પાઠકે કર્યું હતું. સપ્તાહના પ્રારંભે રાષ્ટ્રસેવક પંડિત દિનદયાળ ઉપાધ્યાયના કાર્યાનુભવના પ્રત્યક્ષ સાક્ષી રહી ચૂકેલા બંને વક્તાઓનો યુનિવર્સિટીને લાભ મળ્યો, તે મુખ્ય ઉપલબ્ધિ ગણી શકાય યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવ્યા.

સ્વચ્છતા અભિયાન નિમિત્તે સમગ્ર યુનિવર્સિટી પરિવાર નક્કર કામગીરી કરે, તેવો માનનીય કુલપતિશ્રીનો આગ્રહ અને પ્રેરણાના પરિણામ સ્વરૂપે તા.29-09-2016ના રોજ છારોડી ગામમાં સ્વચ્છતા અભિયાન કરવાનું નક્કી થયું. ગામની પ્રાથમિક શાળાનો સહયોગ મળ્યો. શાળાના મુખ્ય શિક્ષિકા શ્રી જસુમતીબેન સાથે યુનિવર્સિટી વતી સંયોજકની ભૂમિકાએ ડૉ. મૌનસ ઠાકર, પ્રા. સંજય પટેલ, ડૉ. મયંક સોની તથા શ્રી અમિત મેકવાન દ્વારા પરિણામલક્ષી કામગીરીની રૂપરેખા નક્કી થઈ. છારોડી ગામમાં સફાઈ કામગીરી માટે જરૂરી સાધનો છારોડી પ્રાથમિક શાળા (સ્માર્ટ શાળા)માં સ્વચ્છતા અભિયાન પ્રારંભની સંકલ્પ બેઠકમાં યુનિવર્સિટી વતી માનનીય કુલસચિવ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, શૈક્ષણિક નિયામકશ્રી ડૉ. રવિ ગોર, નિયામક વિદ્યાર્થી સહાય સેવા શ્રી ડૉ. આવા શુકલા તથા વરિષ્ઠ અધિકારીઓ,અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં.







સંકલ્પ બેઠકનું આયોજન તથા સંચાલન ડૉ. મૌનસ ઠાકરે કર્યું. ઉલ્લેખનીય છે કે, શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્વચ્છતાકેન્દ્રી નાટિકાઓ તથા કાવ્યો પ્રસ્તુત કર્યા હતાં. યુનિવર્સિટી વતી પ્રાસંગિક ઉદ્દબોધનમાં પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયે શાળાની પ્રવૃત્તિઓને બિરદાવવાની સાથે સ્વચ્છતા સંકલ્પને સાર્થક કરવાના પ્રયાસને બિરદાવ્યો હતો.





નવનિયુક્ત પ્રો. ડૉ. નિલેશભાઈ મોદી, પ્રો. ડૉ. અજિતસિંહ રાણા, ડૉ. પ્રફુલ્લ જોશી, ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. આવા શુક્લા, ડૉ. ધવલ પંડ્યા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. સોનલ ચૌધરી, શ્રી દિગીશ વ્યાસ, ડૉ. અર્ચના મિશ્રાનું સમગ્ર પરિવારના વરિષ્ઠ અધ્યક્ષશ્રીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું. નવા જોડાયેલા શૈક્ષણિક કર્મચારીશ્રીઓ વતી પ્રો. ડૉ. અજિતસિંહ રાણાએ સમગ્ર પરિવારવતી યુનિવર્સિટીનો આવકાર પ્રસંગ યોજવા બદલ હાર્દિક આભાર માન્યો અને કર્મશીલતાની ખાતરી આપી.

માનનીય કુલપતિશ્રીએ આવકાર તથા વિદાય વચનમાં શુભકામનાઓ વ્યક્ત કરી સહુના ઉત્તરોત્તર વિકાસ માટે યુનિવર્સિટીમાં સદાય સાનુકૂળ વાતાવરણ હોવાનો સધિયારો આપ્યો. સક્રિયતાપૂર્વક પ્રદાન કરવાથી અવિરત વિકાસનો માર્ગ ખૂલે છે તેવા શુભેચ્છા વચનથી માનનીય કુલપતિશ્રીએ સહુને આવકાર્યા.



## વિશ્વ માતૃભાષા દિવસ

તા. 21મી ફેબ્રુઆરીનો દિવસ માત્ર ભારતમાં જ નહી, સમગ્ર વિશ્વમાં વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવાય છે. આપણી યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં માનનીય કુલપિતશ્રીની




અધ્યક્ષમાં , ગુજરાતી વિભાગના ઉપક્રમે માતૃભાષાના સાહિત્યિક વારસાને માણવાનો તથા પામવાનો એક કાર્યક્રમ યોજાયો હતો.



પરંપરાગત રીતે પ્રાર્થના તથા દીપપ્રાગટયથી કાર્યક્રમનો પ્રારંભ થયો. યુનિવર્સિટી પરિવારના સભ્યો દ્વારા સુંદર અને સમગ્ર કાર્યક્રમમાં ગુજરાતી ભાષા-સાહિત્યની ખૂબ જાણીતી રચનાઓનું પઠન કરવામાં આવ્યું. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા', 'આંધળી માનો કાગળ, દેખતા દીકરાનો જવાબ', 'ચારણ કન્યા' જેવાકાવ્યોની અસરકારક પ્રસ્તુતિ થઈ. નાના-મોટા સર્વ કર્મચારીઓની સહભાગિતા અને ઉમળકાથી ભાષાપ્રીતિનું યાદગાર વાતાવરણ સર્જાયું.





બોર્ડ ઑફ મૅનેજમૅન્ટના સદસ્યશ્રી પ્રજ્ઞેશભાઈ વાઘેલાએ લોકસાહિત્યની સરવાણીની માર્મિક રજૂઆત કરી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. કાર્યકારી કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે પ્રેરક પ્રાસંગિક ઉદ્બોધન દ્વારા માતૃભાષા પ્રત્યે પ્રીતિ વ્યક્ત કરી.



માનનીય કુલપતિશ્રીએ અધ્યક્ષીય સમાપન વક્તવ્યમાં ઉમાશંકર જોશીની પ્રશિષ્ટ રચનાનું પઠન કરવાની સાથે માતૃભાષાનો મહિમા વ્યક્ત કર્યો. કાર્યક્રમનું સુચારુ સંચાલન ગુજરાતી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હેતલ ગાંધીએ કર્યું હતું. વહીવટી સ્ટાફના આયોજન સહાયથી ટૂંકાગાળામાં સંતોષપ્રદ રીતે સફળ કાર્યક્રમ થયાનો સહુએ આનંદ વ્યક્ત કર્યો.

## અભ્યાસકેન્દ્ર મુલાકાત અહેવાલ

તા. 05 /03/2017 ને રવિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્કૂલ ઑફ એજ્યુકેશન, ડિસ્ટન્સ એજ્યુકેશન ઍન્ડ એજ્યુકેશનલ ટેક્નોલૉજીના પ્રોફેસર અને નિયામકશ્રી ડૉ.અજિતસિંહ રાણા, મદદનીશ અધ્યાપક ડૉ. મીના રાજપૂત અને ડૉ.મૌનસભાઈ ઠાકર - રાધનપુર ખાતે આવેલ બી.એડ્. અભ્યાસકેન્દ્રની મુલાકાતે ગયા. આ મુલાકાત દરમિયાન સંસ્થાએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ ઉપકુલપતિ ડૉ. જિતેન્દ્રભાઈ પંચોલીની અધ્યક્ષતામાં બી.એડ્.ના નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને આવકારવાનો અને પરિચય બેઠકનો કાર્યક્રમ પણ યોજેલો હતો.



આ કાર્યક્રમમાં સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓની સાથે સાથે બી.એડ્. પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આવકાર સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને તેમાં ચાલતા અન્ય અભ્યાસક્રમોનો પરિચય આપવામાં આવ્યો. સાથે સાથે બી.એડ્. અભ્યાસક્રમની વિશેષતાઓ પણ સમજાવવામાં આવી અને વિદ્યાર્થીઓને અભ્યાસ-સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. ઉપસ્થિત મહેમાનોએ પ્રશિક્ષણાર્થીઓને આશીર્વચન પાઠવ્યા, સર્વ ટ્રસ્ટીશ્રીઓએ પણ સંસ્થાનો જે સહયોગ જોઈએ તે આપવાની ખાતરી આપી.



# યોગ શિબિર

સમગ્ર વિશ્વમાં ભારતની અમૂલ્ય જ્ઞાન સંપદારૂપ 'યોગ' નું આકર્ષણ છે.



ભારતની અમૂલ્ય જ્ઞાન સંપદા એવા 'યોગ'નું આકર્ષણ આજે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ભૌતિકતાની આંધળી દોડથી



વ્યથિત વિશ્વ જ્યારે યોગ તરફ વળ્યું છે, ત્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં પ્રયત્નોથી યુનાઈટેડ નેશનલ (યુનો) દ્વારા 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે.



2015 માં પ્રથમ વાર ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર ભારતમાં એક જ સમયે યોગાભ્યાસ કરવાની પરંપરા શરૂ થઈ, જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પણ પોતાનાં નવા 'જ્યોતિર્મય પરિસર' માં નિયત સમયે યોગાભ્યાસ અને યોગ શિબિરનું આયોજન કરી અને પોતાનું યોગદાન આપ્યું. આજ પરંપરાને ચાલુ રાખીને 21 જૂન, 2017ના દિવસે પણ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી થઈ.

યુનિવર્સિટીના મુખ્ય પ્રાંગણમાં આયોજિત યોગાભ્યાસ વરસાદની સંભાવના હોવાથી ગૌતમ હૉલમાં તથા ગૌતમ હોલની નીચેના પેસેજમાં ગોઠવવામાં આવ્યો. ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાય તથા તેમની ટીમ દ્વારા મિનીસ્ટ્રી ઑફ આયુર્વેદ, યોગ નેચરોપથી, યુનાની, સિદ્ધિ અને હોમિયોપેથી (Ayush) દ્વારા માર્ગદર્શિકા કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે સહુને યોગાભ્યાસ કરાવ્યો.



યોગાભ્યાસ દરમિયાન યુનિવર્સિટી પરિવારની સાથે આરોગ્ય ભારતનાં અખિલ ભારતીય ઉપાધ્યાય ડૉ. પ્રવીણભાઈ ભાવસાર અને ગુજરાત પ્રાંતના પ્રમુખ ડૉ. ભાવસારભાઈ ભટ્ટ પણ જોડાયા. ઉપરાંત યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર શિવાશ્રમ, દંતાલીનાં સંયોજકશ્રી ડૉ. જીતેન્દ્રભાઈ પંચાલ તથા અન્ય મહાનુભાવો પણ જોડાયા. તથા સહુએ યોગાભ્યાસને અંતે પોતાનાં પ્રતિભાવો પણ આપ્યા તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા સહુને અભિનંદન પાઠવ્યા.

યુનિવર્સિટીમાં સાતત્યપૂર્ણ રીતે ઉજવાતા આ તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની તૈયારી માટે ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાય અને તેમની સાથે શ્રી કમલેશભાઈ મિસ્ત્રી, શ્રી હીરાભાઈ પરમાર, ડૉ. જય ઉપાધ્યાય, ડૉ. નેહા ઠાકર, ડૉ. વિધિ પટેલ વગેરેની સમગ્ર ટીમ દ્વારા આગળનાં બે દિવસ સહુને AYUSH દ્વારા નિર્દિષ્ટ કોમન પ્રોટોકોલ ઑફ યોગની પ્રેક્ટિસ પણ કરાવી હતી કે જેને લીધે યોગ દિવસની ઉજવણી સારી રીતે થઈ શકી.



યોગાભ્યાસ દરમિયાન ચૈતન્ય સ્ટુડિયોના સ્ટાફ દ્વારા ઓડિયો પ્લે બેક અને વીડિયો રેકોર્ડિંગની સુંદર સુવિધા પુરી પાડવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંયોજન ડૉ. હિમાંશુ પટેલ તથા ડૉ. મૌનસ ઠાકર દ્વારા કરવામાં આવ્યું.

# ફોટો ગેલેરી


COURSES OFFERED




saheb Ambedkar Open Universi
&
Nation
Open U
sity











સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષણશાસ્ત્ર વિભાગનાં નિયામકશ્રી ડૉ. અજીતસિંહ રાણાના નેતૃત્વમાં શિક્ષણશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હિંદી દિવસની ઉજવણી




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા.૧૪-૦૯-૨૦૧૭ ના રોજ હિંદી વિભાગ દ્વારા "હિન્દી દિવસ અભિવ્યક્તિ" ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીની ગેરહાજરીમાં તે દિવસે યુનિવર્સિટીનો કાર્યભાર સ્કુલ ઓફ કમ્પ્યૂટર સાયન્સના નિયામક અને પરીક્ષા નિયામક ડૉ. નિલેશ મોદીને સોંપવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના આ કાર્યક્રમમાં સ્કુલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના નિયામક ડૉ. મનોજ શાહ, વિદ્યાર્થી સહાય નિયામક ડૉ. આવા શુકલા અને સ્કુલ ઓફ એજ્યુકેશન એન્ડ ડિસ્ટન્સ એજ્યુકેશનના નિયામક પ્રો. અજીતસિંહ રાણાની સાથે યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો હાજર રહ્યાં હતાં.
કાર્યક્રમનો આરંભ માનનીય સભ્યો દ્વારા વિદ્યાની દેવી સરસ્વતી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના ચરણ કમળોના પુષ્પ અર્પણ કરીને કર્યું. ત્યારપછી યુનિવર્સિટી ગીતનું ગાન કરીને કાર્યક્રમને આગળ ધપાવવાની કામગીરી કરી. સૌનું સ્વાગત વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. મનોજ શાહે હિંદી દિવસના મહત્ત્વ વિશે સંબોધન આપ્યું હતું. ડૉ. આવા શુકલાએ એક સુંદર કવિતાનું ગાન કરીને હિંદી દિવસની શુભેચ્છા પાઠવી હતી. ત્યારપછી યુનિવર્સિટી પરિવારના સભ્યોએ અલગ- અલગ પ્રસ્તુતિયોના ક્રમ ડૉ. ચેતના શાહે પ્રાર્થનાગીત ગાઈને આરંભ કર્યો હતો. ડૉ. સંજય પટેલે "ભારતીય સંવિધાનમાં રાજભાષા હિંદીનું સ્થાન" ગંભીર શોધપરખ વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. હેતલ ગાંધીએ પોતાના સુંદર કાવ્યપાઠ દ્વારા કાર્યક્રમને વધારે રસમય બનાવી દીધું હતું. ડૉ. કૃતિ છાયાએ વ્યંગ્ય કવિતા દ્વારા શ્રોતાગણને વિચાર ક્ષમતા વધારી દીધી હતી. ડૉ. મૌનસ ઠાકરે સુમધુર ગીતો દ્વારા વાતાવરણને વધારે આહલાદક બનાવી દીધું.



ત્યારબાદ ડૉ. કેતન મકવાણાએ પોતાના જીવનના માર્મિક પ્રસંગ દ્વારા બધાંને વિસ્મય કરી દીધા હતાં. શ્રીમતી દિવ્યા આચાર્યએ સુંદર કાવ્યપાઠ દ્વારા અને શ્રીમતી સેજલ પટેલે પિતા-પુત્રીના સંબંધ પર ભાવપૂર્ણ કવિતાપાઠ દ્વારા તમામને ભાવવિભોર કરી દીધા હતાં. ડૉ. યોગેન્દ્ર પારેખે "જ્વલંત ભારતીય" ના નામથી હિંદીમાં કવિતા લેખન કરે છે. જીવનની તીવ્ર વ્યંજનાથી ભરી કવિતાઓથી અભિભૂત કર્યા હતાં. શ્રીમતી પ્રિયા સિંહે હિંદી ભાષામાં વક્તવ્ય અને શ્રી મેરૂજી ઠાકોરે હિંદીના મૂર્ધન્ય કવિ અજ્ઞેયની નાની કવિતા "સાંપ" દ્વારા સમાજમાં ભળી રહેલા વિષની તરફ ધ્યાન દોર્યું. અભિવ્યક્તિઓના ક્રમની પૂર્ણાહૂતિ શ્રી નિગમભાઈ પંડયાજીના ભાવપૂર્ણ કાવ્યપાઠથી થઈ.



ડૉ. અજીતસિંહ રાણાજીએ આશીર્વચન આપતાં પોતાના વિદ્યાર્થી જીવનના પ્રેરક પ્રસંગો દ્વારા શ્રોતાઓને ઉદબોધિત કર્યા હતાં. અધ્યક્ષીય સંબોધનમાં ડૉ. નિલેશ મોદીએ પ્રસ્તુતિઓની ભરપૂર પ્રશંસા કરી અને હિંદીને રાજભાષાના રૂપમાં, સંપર્ક ભાષાના રૂપમાં વધારેમાં વધારે મજબૂત કરવાનો આહવાન આપ્યું.
કાર્યક્રમનું સુચારુ સંચાલન અને આભારવિધિ હિંદી વિભાગમાંથી ડૉ. અર્ચના મિશ્રાએ કર્યું હતું.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા મળેલી એક અમૂલ્ય ભેટ યોગ જે મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા વચ્ચે રહેલી એકતા છે. જે આરોગ્ય અને કલ્યાણનો સમગ્ર દૃષ્ટિકોણ, મનુષ્ય અને પ્રકૃતિની સંવાદિતાનું મૂળરૂપ છે. યોગ એ  એકાત્મતાની શોધ છે. આપણી જીવનશૈલીમાં ફેરફાર કરી તથા ચેતના જાગૃત કરીને તે આપણને આબોહવાના પરિવર્તનોનો સામનો કરવામાં મદદ કરી શકે છે. યોગવિદ્યા એ શરીરને આત્મા સાથે એકતાલ કરી જોડતી મહર્ષિ પતંજલિની વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે.

ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરી. જેનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વીકાર થયો અને ૨૧, જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે જાહેર કરાયો. છેલ્લા પાંચ વર્ષથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૨૧, જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજના રોજ તા. ૨૧/૦૬/૨૦૧૯ના યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં માન. કુલપતિશ્રી ડૉ. અમીબેન ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને પાચમાં 'વિશ્વ યોગ દિવસ'ની  ઉજવણી કરવામાં આવી. જેમાં યુનિવર્સિટી માન. કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી, શૈક્ષિણક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહેલા હતા. યુનિવર્સિટીના કેન્દ્ર 'ઓમ કલીનીક-અમદાવાદ'ના ડૉ. વિક્રમ ઉપાધ્યાય અને તેમની ટીમ હાજર રહી યોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તા. ૧૯ અને ૨૦ જૂન, ૨૦૧૯ના રોજ યોગ પ્રશિક્ષકો દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી.









## જીવન ઘડતર અને પુસ્તક વિષય પર ચર્ચાસભા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અને વિવેકાનંદ ગ્રંથાલય વિભાગ દ્વારા તા. ૨૫/૦૪/૨૦૧૯ના દિવસે 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે 'જીવન ઘડતર અને પુસ્તક' વિષય પર ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩/૦૪/૨૦૧૯ 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવાતો હોવાથી આ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, વિવેકાનંદ ગ્રંથાલયમાં તેનું આયોજન સાંજે ૫ થી ૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કા. કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી, ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી (નિયામક, એકેડેમિક), ડૉ. મનોજ શાહ (નિયામક, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ), પ્રો. ડૉ. નીલેશ મોદી (નિયામક, કમ્પ્યુટર સાયન્સ), ડૉ. અજીતસિંહ રાણા (નિયામક, એજ્યુકેશન), શ્રી ગોવિંદસિંહ રાજપૂત (નાણા અધિકારી), ડૉ. યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર, ગુજરાતી), ડૉ. અર્ચના મિશ્રા(આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી), ડૉ. દીપ્તિબા ગોહિલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર), ડૉ. સોનલ ચૌધરી(આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ),ડૉ. દિગીશ વ્યાસ (આસિસ્ટન્ટ પ્રોફેસર, પરર્ફોમિંગ આટ્ર્સ), શ્રી સંજય પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, સામાજિક વિજ્ઞાન), ડૉ. નિગમ પંડ્યા(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. જયશ્રી ગુર્જર(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. કૃતિ છાયા (આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર), ડૉ. મીના રાજપૂત(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. મૌનસ ઠાકર(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન) તથા એકેડેમિક તથા ટેકનીકલ સ્ટાફ હજાર રહ્યા હતા. આ ચર્ચા સભાની શરૂઆત ડૉ. પ્રિયાંકી વ્યાસના સંબોધન અને આવકારથી કરવામાં આવી. ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા તેમના જીવનને સ્પર્શી જતા પુસ્તકો તથા તેમના અનુભવો સાથે ચર્ચાની શરૂઆત કરવામાં આવી. ડૉ. નિગમ પંડ્યા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. અર્ચના મિશ્રા, શ્રી સંજય પટેલ, દ્વારા તેમના જીવનને લગતા અનુભવો અને સારા પુસ્તકો વિષે ચર્ચા કરી હતી. હાજર રહેલ સૌ સભ્યો દ્વારા આજ વિષયને આગળના મહિનામાં પુનઃ રાખી ચર્ચા કરવી તેવું સૂચન કરવામાં આવ્યું. ડૉ. ચેતના શાહ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ગુરુવારિયુંનું સ્નેહપૂર્વક સમાપન થયું હતું.






# જળ સંરક્ષણ ચર્ચાસભા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૧૨/૦૬/૨૦૧૯ના રોજ ગૌતમ હોલમાં 'જળ સરક્ષણ' ચર્ચાસભાનું આયોજન માન. કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ ચર્ચા સભામાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી, શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. કૃતિ છાયા દ્વારા પાણીની અછતની ગંભીરતાને ધ્યાને લઈ ઊભી થનારી સંભવિત ગંભીર સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પાણીની અછતથી સર્જાનાર સમસ્યાઓ અને તેને કેવી રીતે બચાવી શકાય તેની સમજ પણ આપવામાં આવી હતી.. યુનિવર્સિટીમાં હાજર રહેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા પાણી કેવી રીતે બચાવી શકાય તે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ભવિષ્યમાં ઊભી થનાર ગંભીર સમસ્યા પાણીની અછત પર ચર્ચા કરી સૌ ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી.










# માતૃભાષા દિવસની ઉજવણી

તા.૨૧ ફેબ્રુઆરીનો દિવસ સંયુકત રાષ્ટ્રએ માતૃભાષા દિવસ તરીકે જાહેર કરેલ છે. આ દિવસના પરિપ્રેક્ષ્યમાં તા.૨૦ ફેબ્રુઆરીના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં કર્મચારી પરિવાર દ્વારા માતૃભાષા ગુજરાતીનો મહિમા ઉજવણી — કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉજવણીમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાય, રજીસ્ટારશ્રી ભાવિનભાઈ ત્રિવેદીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

માતૃભાષાનો મહિમા — માતૃભાષા તરફનો અસીમ અનુરાગ પ્રગટ કરવાના ભાગરૂપ કાર્યક્રમનો શુભારંભ યુનિવર્સિટીના ગીતથી થયો હતો. એ પછી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ડૉ. હેતલબહેન ગાંધીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી માતૃભાષાનો મહિમા રજૂ કર્યો હતો. માતૃભાષા વંદનામાં વધારે કર્મચારી ઓ પોતાના ભાષાપ્રેમને પ્રગટ કરે એ માટે દરેક કર્મચારીઓને બે મિનિટનો સમય ફાળવવામાં આવેલ હતો. પોતાના ભાષાભાવને મંચ પરથી અભિવ્યકત કરવા માટે યુનિવર્સિટી ના મુખ્ય ગ્રંથપાલ ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસએ ગુજરાતી ભાષાના લોકાભિમુખ ગીતોની પ્રસ્તુતિ કરી હતી. માતૃભાષા ઉજવણીનો માહોલ બંધાય ગયા પછી રાણાસાહેબ, ડૉ.સોનલબહેન ચૌધરી, ઉર્વિકાબહેન પટેલ, પરેશભાઈ પરમાર, અભિજિતભાઈ, ગ્રંથાલયમાં ઈન્ટરશીપ કરતા વિદ્યાર્થીઓએ માતૃભાષા તરફના આદરને વ્યકત કર્યો હતો

કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીગણમાંથી ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી ડૉ.યોગેન્દ્ર પારેખએ મૂલ્યવાન વિચાર આપ્યો કે: ‘આપણે માતૃભાષા પ્રેમનું આચરણ કરવા માટે આપણી ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયેલા પુસ્તકો ખરીદીને પ્રસંગાનુસાર ભેટ આપવા જોઈએ. દરેક ગુજરાતી એક વર્ષમાં બે પુસ્તક ખરીદે એક પોતાના સ્વજનને ભેટ આપે અને બીજું ભાવપૂર્વક વાચન કરે. માતૃભાષાના પુસ્તકોનો પ્રચાર, પ્રસાર થશે તો ગુજરાતી ભાષા વિકસિત થતી રહેશે.’

ઇ.ચા. રજીસ્ટારશ્રી ભાવિનભાઇ ત્રિવેદીએ ગુજરાતી ગઝલ વિશે મનનીય વાતો કરી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ માતૃભાષા પ્રેમ વિશે સંવેદનશીલ વિચારો પ્રગટ કરી ધ્રુવભટ્ટનું ગીતઃ ’ઓચિંતું કોઇ મને રસ્તે મળે ને પછી ધીમેથી પૂછે કે કેમ છે.’નું પઠન કરી માતૃભાષા ગુજરાતીનો મહિમા ગાવાની ઉજવણી— કાર્યક્રમ વિશે પોતાનો આનંદ પ્રગટ કર્યો હતો.

માતૃભાષા ઉજવણી કાર્યક્રમના સમાપનમાં રાષ્ટ્રગીતનું ગાયન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના આસિ.પ્રોફેસર દિનુભાઇ ચુડાસમાએ કર્યું હતું.









## એક ભારત શ્રેષ્ઠ ભારત

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયની પહેલથી **UGC**એ આરંભ કરેલ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબનો શુભારંભ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ૨૬ જાન્યુઆરી- પ્રજાસત્તાક દિવસે વિધિવત કરવામાં આવ્યો હતો. ૨૬ જાન્યુઆરી-૧૯૫૦ના દિવસે અખંડ ભારતનું એક સ્વતંત્ર ભારતીય સંવિધાન અમલમાં મૂકવામાં આવ્યું અને ભારતીય પ્રજા ગર્વ લઈ શકે એવા નાગરિક અધિકારો એમને આપવામાં આવ્યા. ભારતના લોકો આપણી સંસ્કૃતિને સમજે એવા ઉદ્દેશ સાથે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબનો શુભારંભ ગણતંત્ર દિવસના અવસરે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ વિધિવત કર્યો હતો.

**UGC**ના પત્રના નિર્દેશાનુસાર ગુજરાત રાજયને છતીસગઢ રાજયની સાથે સાંકળવામાં આવેલ છે. એ અનુસાર 'એક ભારત શ્રેષ્ઠ ભારત ' કલબનું કાર્ય છતીસગઢ રાજયની કળા,સંસ્કૃતિ,સાહિત્ય, સમાજજીવન, રાજનીતિ વગેરેને વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચતી કરવાના પ્રયત્ન કરવામાં આવશે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબના નોડલ ઓફિસર તરીકે ડૉ.અર્ચનાબહેન મિશ્રા કાર્યરત છે.









## ૧૬ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં UGC પત્રક્રમાંક D. O. NO. 14-5 / 2016 (CPP-11) તા. ૦૩-૦૧-૨૦૨૦ અનુસાર તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦ સુધી સ્વચ્છતા પખવાડાની ઉજવણી કરવામાં આવી.

ભારત સરકારના સ્વચ્છતા અભિયાનને સાર્થક કરતા આ પ્રકલ્પ અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગુજરાતભરના વિદ્યાર્થી તથા અધિકારી-કર્મચારીગણએ ઉત્સાહભેર ભાગ લીધો. આ સ્વચ્છતા પખવાડાની ઉજવણીનો અહેવાલ પ્રસ્તુત છે.

# પ્રવૃત્તિ : સ્વચ્છતા પ્રતિજ્ઞા

સ્વચ્છતા પખવાડાના પ્રથમ દિવસે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સ્વચ્છતા પ્રતિજ્ઞા અનુસાર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી.









# પ્રવૃત્તિ : વૃક્ષારોપણ

સ્વચ્છતા પખવાડાના સંદર્ભમાં એક દિવસે યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં વધુ ઓક્સિજન આપતા અને વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડને ઓછું કરતા છોડનું રોપણ યુનિવર્સિટી પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. વૃક્ષો અધિક પ્રાણવાયુ આપે છે. તેનું મહત્વ આજના સંદર્ભમાં સમજાયું હતું.








## પ્રવૃત્તિ : પરિસર સ્વચ્છતા કાર્યક્રમ

આ પ્રવૃત્તિ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધિકારી, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા જ્યોતિર્મય પરિસરની સફાઈ આદરવામાં આવી. જેમાં આસપાસની સફાઈના ભાગરૂપે પોતાના વિભાગની આસપાસ સફાઈ કરવામાં આવી. આ ઉપરાંત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસકેન્દ્રો પર પણ સફાઈની પ્રવૃત્તિઓ કરવામાં આવી.








## સ્પર્ધા : સ્લોગન લેખન સ્પર્ધા

આ દિને સ્વચ્છતા વિષય પર સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.







## સ્પર્ધા : પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન

આ દિવસેના ઉજવણીના ભાગરૂપે 'પર્યાવરણ સંરક્ષણ' વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યાં. જેમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વિષે વિદ્યાર્થીઓએ તેમના વિચારો પ્રદર્શિત કર્યા હતા.







## સ્પર્ધા : વકતૃત્વ સ્પર્ધા

સ્વચ્છતા પખવાડા અંતર્ગત આ દિવસે 'પાણી સંરક્ષણ' વિષય પર વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો. આ સ્પર્ધામાં પાણીના સંરક્ષણ માટેના વિવિધ આયોજનો અને નવીન વિચારો મૂકવામાં આવ્યાં.જયારે યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા તથા સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા અંતમાં વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું.









## પ્રવૃત્તિ : ફિલ્મ દર્શન

આ પ્રવૃત્તિ અન્વયે સ્વચ્છતા જાગૃતિ માટે લઘુફિલ્મોને ગૌતમ સભાગૃહમાં પ્રદર્શિત કરવામાં આવી. જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કર્મચારીગણે ઉપસ્થિત રહી ફિલ્મ નિહાળી.









## સ્પર્ધા : પોસ્ટરમેકિંગ સ્પર્ધા

આ દિવસે ’વન સંરક્ષણ’ વિષય પર પોસ્ટરમેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જે અન્વયે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વિષય અનુરૂપ સુંદર ચિત્રોની રચના કરવામાં આવી.









## પ્રવૃત્તિ : જાહેર માર્ગ સફાઈ

આ પ્રવૃત્તિ અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કર્મચારીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગની સફાઈ કરવામાં આવી.









## સ્પર્ધા : Best out of Waste

આ સ્પર્ધામાં વિવિધ બિનઉપયોગી વસ્તુઓ દ્વારા વિવિધ જરૂરિયાતની દૃષ્ટિએ ઉપયોગી વસ્તુઓ તથા સુશોભન સામગ્રીઓ બનાવવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા નવા વિચારો અને નવીન ખ્યાલને પ્રદર્શિત કરવામાં આવ્યાં.









# પ્રવૃત્તિ : 'વૃક્ષોનું ગાન' વિષય પર નાટ્ય વાચિકમ

'વૃક્ષોનું ગાન' વિષય અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં 'વૃક્ષોનું ગાન' નાટકનું વાચિકમ કરવામાં આવ્યું તથા 'વૃક્ષો બચાવો'ના ખ્યાલ અન્વયે કાવ્યપઠન પણ કરવામાં આવ્યું.









# પ્રવૃત્તિ : સ્વચ્છતા જાગૃતિ રેલી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીની આગેવાની હેઠળ છારોડી ગામને આવરી લઈ તે વિસ્તારમાં 'સ્વચ્છતા જાગૃતિ' રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીગણ અને વિદ્યાર્થીઓએ સાથે મળી રેલીમાં ઉત્સાહભેર ભાગ લઈ સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવાના સફળ પ્રયત્ન કર્યા.










# પ્રવૃત્તિ : સ્વચ્છતા જાગૃતિ રેલી












## પ્રવૃત્તિ : સ્વચ્છતા વિષય અન્વયે ચર્ચાસભા (તા.૩૦/૦૧/૨૦૨૦ )

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા કર્મચારીગણ દ્વારા સ્વચ્છતા જાગરૂકતા વિષય અન્વયે એક ચર્ચાસભા યોજવામાં આવી. જેમાં મહાત્મા ગાંધીના વિચારો, રોજીંદા જીવનમાં સ્વચ્છતા માટે ઉપયોગી સૂચનો તથા આ અંગે વિવિધ મંતવ્યો પણ રજૂ કરવામાં આવ્યાં.







## પ્રવૃત્તિ : સમાપન અને ઈનામ વિતરણ કાર્યક્રમ (તા.૩૧/૦૧/૨૦૨૦)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના વડપણ હેઠળ, તેમના આશીર્વચન સાથે સ્વચ્છતા પખવાડિયાનો સમાપન કાર્યક્રમ સંપન્ન થયો. જેમાં આયોજિત થયેલ વિવિધ સ્પર્ધાઓ અંતર્ગત ઈનામ વિતરણ કરવામાં આવ્યું તથા સહભાગી થનાર સ્પર્ધકોને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું. આ સાથે સ્પર્ધાઓના ચિત્રો અને કલાકૃતિઓની પ્રદર્શની ગોઠવવામાં આવી, જેનો સમાપન બેઠકમાં હાજર રહેનારે આનંદ ઊઠાવ્યો.











# વિજેતા સ્પર્ધકોની યાદી

## સ્લોગન લેખન સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | શેખ અફસીન |
| 2nd Rank | સોલંકી મનહર |
| 3rd Rank | પરમાર રાજેન્દ્ર એન. |
| 3rd Rank | આરતી ગજેરા એ. |

## પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | પંડ્યા અભિષેક એમ. |
| 2nd Rank | કાઝી રૂબીના આર. |
| 3rd Rank | પ્રજાપતિ હેતલ એમ. |

## વકતૃત્વ સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | રાઠોડ મનીષા પી. |
| 2nd Rank | પંડ્યા જિજ્ઞા આર. |
| 3rd Rank | શેખ અફસીન |
| 3rd Rank | ઠાકોર રાજુ બી. |

## પોસ્ટરમેકિંગ સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | ચટવાની નિધિ |
| 2nd Rank | ત્રિવેદી શિવાંગી એમ. |
| 2nd Rank | દરજી રીકલ આર. |
| 3rd Rank | ઠાકોર રાજુ |
| 3rd Rank | રાઠોડ મનિષા |
| 3rd Rank | ગુપ્તા મોનિકા એમ. |

## Best out of Waste સ્પર્ધા

| સ્પર્ધક વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | શાહ હેમંત એ. |
| 2nd Rank | બ્રહ્મભટ્ટ ગૌતમ એસ. |
| 3rd Rank | પંડ્યા જિજ્ઞા આર. |
| 3rd Rank | મોચી પ્રિયંકા |

# અભ્યાસકેન્દ્ર પર યોજાયેલ પ્રવૃત્તિ

**અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૧૦૬ અભ્યાસકેન્દ્ર નામઃ સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ**

**સ્વચ્છતા પખવાડા અંતર્ગત અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૧૦૬: સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ ખાતે અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષો બચાવો અભિયાન અંતર્ગત ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.**









## અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૩૧૦ -અભ્યાસકેન્દ્ર નામઃ સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા

સ્વચ્છતા પખવાડા અંતર્ગત અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૩૧૦ સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા ખાતે અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા શેરીમાર્ગોની અને શાળાની સ્વચ્છતા કરવામાં આવી હતી. આ નિમિત્તે સ્વચ્છતા જાગૃતિ પ્રસાર રેલી કાઢવામાં આવી હતી.











# વિશ્વ માતૃભાષા દિવસ

૨૧/૦૨/૨૦૧૮ના રોજ ‘વિશ્વ માતૃભાષા દિવસ’ની ઉજવણીનું આયોજન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં થયું હતું. માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીસાહેબની મંજૂરી અને પ્રેરણાથી સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝના નિયામકશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન મુજબ ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખે સમગ્ર કાર્યક્રમનું સંયોજન કર્યું હતું. ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. હેતલ ગાંધી, ડૉ. કૃતિ છાયા, ડૉ. મીનાબહેન રાજપૂત તથા ડૉ. મૌનસ ઠાકરે વિવિધ વિષય- વિભાગના પ્રતિનિધિત્વ રૂપે મંચ પર સ્થાન શોભાવ્યું હતું અને માતૃભાષાની પ્રશિષ્ટ કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી. પ્રારંભે પ્રો. યોગેન્દ્ર પારેખે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીની ઐતિહાસિક વિગતો સંક્ષિપ્તમાં જણાવીને પ્રશિષ્ટ કાવ્યરચનાઓની પ્રસ્તુતિ કરી હતી. ‘આંધળી માનો કાગળ’ તથા ‘મીઠી માથે ભાત’ જેવાં કાવ્યોનું પઠન કર્યું હતું. શિક્ષણ વિદ્યાશાખાના નિયામક પ્રો. અજીતસિંહ રાણાએ ‘ચારણ કન્યા’ ની પ્રસ્તુતિ કરી હતી. ડૉ. હેતલ ગાંધીએ સ્વરચિત કવિતાનું પઠન કર્યું હતું. કમ્પ્યૂટર વિદ્યાશાખાના નિયામક પ્રો. ડૉ. નિલેશ મોદીએ દીકરી વિષયક સંવેદન રજૂ કરતી પ્રસ્તુતિ કરી હતી.

માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીએ માતૃભાષાનું મહત્ત્વ સમજાવવાની સાથે માતૃભાષા ગુજરાતીનો મહિમા કરતી કાવ્યરચનાઓ પ્રસ્તુત કરી હતી. તથા કાર્યક્રમની સફળતા માટે સહયોગી સૌને માટે ધન્યવાદની લાગણી વ્યક્ત કરી. આભારદર્શન ગુજરાતી વિભાગના ડૉ. હેતલ ગાંધીએ કર્યું હતું.









# રાષ્ટ્રીય એકતા દિવસ

૩૧-૧૦-૨૦૧૯ રાષ્ટ્રીય એકતા દિવસના સપથ ગ્રહણ કર્યા. ગૌતમ હોલમાં સમગ્ર ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીના કર્મચારી પરિવારને યુનિવર્સિટીના રજીસ્ટાર ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી સાહેબ દ્વારા રાષ્ટ્રીય એકતાના સપથ ગ્રહણ કરાવેલ. આ શુભ સમયે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રી કિશોરભાઇ મકવાણા હાજર રહેલા.










# ધ્યાન-યોગ પોગ્રામ

તા. ૨૦-૧૧-૨૦૧૯ ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં ધ્યાન યોગા સેન્ટર દ્વારા ધ્યાન વિશે જાગૃતિ આવે એ વિશે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. વર્તમાનમાં તનાવ, હરિફાઇમાં માણસ કેવી રીતે માનસિક શાંતિ જાળવી શકે સાથે માણસ પોતાના શરીર વિશેની સંભાળ રાખવા સભાન બને સાથે ભીતરની ઊર્જા વધારવા, આધ્યાત્મિક જીવન કેમ જીવવું એ વિશે યોગા સેન્ટરના ડૉ. ખ્યાતિબહેને સુંદર માર્ગદર્શન આપેલ. યુનિવર્સિટીના કર્મચારીઓને ધ્યાન પણ કરાવેલ. આજના સમયમાં માણસને ખરેખર હતાશા અને નિરાશામાંથી બેઠા કરવાનું અને મનને આનંદિત રાખવાનો મારગ ચીંધતી આવી પ્રવૃત્તિઓ યુનિવર્સિટીમાં કરવામાં આવે તે ધ્યાનાર્હ છે.







રાષ્ટ્રીય શિક્ષનીતિ ૨૦૨૦ –

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે તા. ૦૨/૦૨/૨૦૨૧ના રોજ 'રાષ્ટ્રીય શિક્ષનીતિ ૨૦૨૦' વિષય પર વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી અતુલ કોઠારીજી હતા. માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાયએ આમંત્રિત મહેમાનશ્રીનું સ્મૃતિચિન્હ આપી સ્વાગત કર્યું હતું. આ વ્યાખ્યાન શ્રેણીમાં યુનિવર્સિટીના સર્વે નિયામકશ્રીઓ અને અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. શ્રી અતુલ કોઠારીજીએ કહ્યું કે, કોઈ પણ વિચાર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી અલગ અલગ અનુભવ થઈ શકે છે. શિક્ષણનું તાત્પર્ય અસત્યથી સત્ય તરફ અને અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જવાનું છે, આગળ તેમણે વાત કરી કે, આ શિક્ષણ નીતિ સરકાર માટે નથી પરંતુ સમાજ માટે છે એટલે આ નવી શિક્ષણ નીતિને અમલમાં મુકવા માટે શરૂઆત આપણાથી જ કરવી પડશે. આ નવી શિક્ષણ નીતિને જો બરાબર અમલમાં લાવી શકીએ તો જ શિક્ષણ વ્યવસ્થા બદલાશે. શિક્ષક બદલાશે ત્યારે શિક્ષણ બદલાશે. આ નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીકેન્દ્રી, વ્યક્તિત્વ વિકાસની નીતિ છે. તેમણે સંશોધનની દ્રષ્ટિ, અનુવાદની બાબત, માતૃભાષામાં સંશોધન કેવી રીતે કરવું આદિ બાબતો પર માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વનમાલા બવીસ્કારે કર્યું હતું અને યુનિવર્સિટીની પરંપરા અનુસાર આભારવિધિ ડૉ. સંજય પટેલ દ્વારા કરવામાં આવી હતી.